# સંપાદકીય

## આતંકવાદીઓના હમદર્દ

કાશ્મીરના શોપિયાં જિલ્લામાં પાંચ આતંકવાદીઓને ઠાર કરવામાં મળેલી સફળતા દાખવે છે કે પોલીસ અને સુરક્ષા દળોના સહકારથી સેના આતંકવાદી સંગઠનો પર દબાણ વધારવામાં વધુ સફળ થઈ રહી છે. હાલના દિવસોમાં સેના, સીઆરપીએફ અને પોલીસને મોટા આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. શોપિયાંમાં જે પણ આતંકવાદી માર્યા ગયા છે તેમાં એક હિજબુલ મુજાહિદ્દિનનો કમાન્ડર માનવામાં આવે છે. તેની સાથે જે ચાર બીજા આતંકવાદી માર્યા ગયા તેમાં એક કાશ્મીર યુનિવર્સિટીનો સહાયક પ્રોફેસર પણ છે. આ સહાયક પ્રોફેસર કેટલાક દિવસો પહેલાં જ યુનિવર્સિટીથી ગાયબ હતો અને જ્યારે આમ બન્યું તો સ્થાનિક લોકોએ તેને શોધવા માટે ધરણાં - દેખાવો પણ કર્યા હતા. એક યુનિવર્સિટીના સહાયક પ્રોફેસરનું આતંકવાદી બનવું એ દાખવે છે કે કાશ્મીરમાં કેવા પ્રકારના ઉચ્ચ શિક્ષિત લોકો પણ આતંકવાદના માર્ગે જઈ રહ્યા છે. આ પહેલાં પણ અનેક ઉચ્ચ શિક્ષિત યુવાનો આતંકવાદના માર્ગે જઈ ચૂક્યા છે. આઝાદીની વાહિયાત માગ અને મજહબી રંગોવાલા પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદે કેવી રીતે કાશ્મીરના સામાજિક માહોલને ખરાબ રીતે દૂષિત કરી દીધું છે તેનો આ પુરાવો છે. શોપિયાંમાં માર્યો ગયેલો આતંકવાદી સમાજશાત્રનો સહાયક પ્રોફેસર હતો!

આતંકવાદીઓની સાથે અથડામણ શરૂ થવાની સાથે જ આસપાસના લોકો ત્યાં ખલેલ પહોંચાડવા પહોંચી ગયા હતા. જોકે, આતંકવાદીઓને પોતાના ઘેરામાં લીધા પછી પોલીસે તેમના કુટુંબીઓ દ્વારા તેઓને આત્મસમર્પણની અપીલ કરી હતી, પરંતુ અથડામણના સ્થળે એકઠાં થયેલાં અરાજક તત્ત્વોએ સુરક્ષા દળો પર પથ્થરમારો ચાલુ રાખ્યો હતો. તેઓ એ સમજવા માટે તૈયાર નથી કે દુનિયામાં ક્યાંય પણ આતંકવાદીઓ પ્રતિ આવી નરમાશ વર્તવામાં આવતી નથી. નવાઈ એ વાતની છે કે આમ છતાં સુરક્ષા દળોને સંયમ વર્તવાનો ઉપદેશ અપાતો હોય છે!

શોપિયાંમાં પથ્થરબાજોના ઉપદ્રવના કારણે જ્યારે સુરક્ષા દળો માટે જ ભય ઊભો થયો ત્યારે તેઓએ સ્વબચાવમાં બળનો પ્રયોગ કર્યો અને પાંચ પથ્થરબાજ માર્યા ગયા હતા. હવે જણાય છે કે શોપિયાં અને અન્ય જિલ્લાઓમાં આતંકવાદીઓને બચાવવા માટે અથડામણના સ્થળે પથ્થરબાજોના ઠાર થવાના વિરોધમાં દેખાવો અને ઉપદ્રવ થશે. આવી રીતે તો હિંસાનું દુષ્ચક્ર ચાલુ જ રહેશે. આ કંઈ પહેલીવાર નથી બન્યું કે જ્યારે આતંકવાદીઓથી અથડામણ દરમિયાન સુરક્ષા દળોના કામમાં અવરોધ ઊભા કરનારા પથ્થરબાજ માર્યા ગયા હોય, પરંતુ ભાગ્યે જ કાશ્મીરના પક્ષ અને અન્ય વગદાર લોકો પથ્થરબાજના ગાંડપણ વિરુદ્ધ બોલતા હોય છે. થોડા દિવસો પહેલાં જ આ પથ્થરબાજોએ એક સ્કૂલ બસને નિશાન બનાવી વિદ્યાર્થિનીને ઘાયલ કરી હતી. આ બનાવ પછી આવા પથ્થરબાજો વિરુદ્ધ કડક કાર્યવાહીની આવશ્યકતા હતી, જે થઈ નથી. કાશ્મીરની જનતાએ સમજવું રહ્યું કે આતંકવાદ ફક્ત તબાહી જ ફેલાવી રહ્યો છે અને પથ્થરબાજ આતંકવાદીઓના રીઢા સમર્થક છે.

# શહેરી વિકાસ ક્ષેત્રે ગુડ ગવર્નન્સ-પારદર્શીતાની અભિનવ પહેલનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં ઓન લાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (બાંધકામ પરવાનગી)નો પ્રારંભ કરાવતા કહ્યું કે આ સરકાર પારદર્શિતા અને સંવેદનશીલતાથી ગુડ ગવર્નન્સની દિશામાં કાર્યરત છે.

ગૃહ, મહેસૂલ, શહેરી વિકાસ જેવા પ્રજાને સીધા સ્પર્શતા વિભાગોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ઓન લાઇન વ્યવસ્થા વિકસાવી પારદર્શીતાથી કયાંય કોઇને એક રૂપિયો પણ આપવો ન પડે કે કચેરીના ધક્કા ન ખાવા પડે ઘરે બેઠા જ ઓન લાઇન કામ થઇ જાય તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ડિઝીટલ ઇન્ડીયાની સંકલ્પના સાકાર કરવામાં ગુજરાત આ સિસ્ટમથી અગ્રેસર બન્યું છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં ગુજરાતમાં શહેરી વિકાસ ક્ષેત્રના અભિનવ આયામો એવા ત્રિવિધ કાર્યક્રમોનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે ઓન લાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ, નગરપાલિકાઓના તંત્રને સુદ્રઢ અને વધુ સેવાભિમુખ બનાવવા પ્રાદેશિક કમિશનરેટ પ્રારંભ તેમજ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસકામો માટે રૂ. ૧૦૧૦ કરોડના ચેક વિતરણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે રાજ્યમાં ૧૨૫ ચોરસ મીટર બાંધકામ માટે પરવાનગીમાંથી મુકિત આપીને આ સરકારે સામાન્ય માનવીમાં ભરોસો મુકયો છે કે તે ખોટું નહીં જ કરે. મુખ્યમંત્રીશ્રીએ આ ઓન લાઇન પદ્વતિ શરૂ કરવા સાથે ૧૬૨ નગરપાલિકાઓના વહીવટને જવાબદેહ અને સ્થાનિક સ્તરે નિર્ણય તથા વિકાસ આયોજન માટે પ્રાદેશિક કચેરીઓ સંપૂર્ણ સત્તાધિકારો સાથે શરૂ કરવાની પહેલ ગુજરાતે કરી છે તેમ પણ જણાવ્યું હતું.

રાજ્યના સમગ્ર નગરપાલિકા તંત્રને અન્ડર વન અમ્બ્રેલા લાવવાની આ પહેલ ગુજરાતના સર્વગ્રાહી વિકાસને શો કેશ કરશે તેવો વિશ્વાસ શ્રી વિજયભાઇએ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને શહેર સુધરાઇઓ-નગરપાલિકા-મહાનગરપાલિકામાં જનસુવિધા-લોક વિકાસના કામોમાં કોઇ ગેરરીતિ-ભ્રષ્ટાચાર કે ખોટી કાર્યપ્રણાલિને અવકાશ જ ન રહે તેવી ઇચ્છાશકિતથી આ ઓન લાઇન પધ્ધતિ શરૂ કરી છે.

તેમણે ઉમેર્યું કે આ ઓન લાઇન સિસ્ટમથી અરજદારને પોતાની અરજીનું સ્ટેટસ ફિંગર ટીપ પર જાણવા મળશે તેમજ નિશ્ચિત સમયમર્યાદામાં નિકાલની સુવિધા પણ સરળતાએ આપોઆપ ઉપલબ્ધ થશે.

ગુજરાતનો આ ગુડ ગર્વનન્સ અને ટ્રાન્સપરેન્ટ એડમીનીસ્ટ્રેશનનો પ્રયોગ દેશનું દિશાદર્શન કરશે એમ તેમણે ઉમેર્યું હતું.

શહેરી વિકાસ વિભાગના અગ્રસસચિવ શ્રી મુકેશપુરીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પારદર્શી વહીવટ માટે શહેરી ક્ષેત્રે બાંધકામ ક્ષેત્રની મંજૂરી વ્યવસ્થાપન માટે ઓન લાઇન ડાયરેકટ પરમીશન સીસ્ટમ કાર્યરત કરી. જેના થકી મંજુરી ઝડપથી મળતાં વિકાસ કામો વેગવાન થશે અને રાજ્યમાં વધુને વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થશે. જી.આઇ.એસ.ના માધ્યમથી મોબાઇલ એપ સાથે જોડીને એન્જીનીયર્સ, આર્કિટેક સહિતની વિગતો ટી.પી.સ્કીમની માહિતી પણ નાગરિકોને સરળતાથી મળી રહેશે.

મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ઓ.એસ.ડી. શ્રી પી. એલ. શર્માએ ઓન લાઇન ડાયરેકટ પરમીશન સીસ્ટમ અંગેની કાર્ય પ્રણાલી તથા તેના થનાર લાભો અંગે પ્રેઝન્ટેશન દ્વારા સવિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે રાજ્ય મંત્રી મંડળના સભ્યો સર્વેશ્રી આર. સી. ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભભાઇ પટેલ, દિલીપકુમાર ઠાકોર, ઇશ્વરભાઇ પરમાર, પરબતભાઇ પટેલ, જયદ્રથસિંહ પરમાર, વાસણભાઇ આહિર, શ્રીમતી વિભાવરીબેન દવે, મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઇ અને વિધાનસભાના દંડક શ્રી પંકજ દેસાઇ, સાંસદો અને ધારાસભ્યો, મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંહ, મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખો અને ક્રેડાઇના હોદ્દેદારો, બાંધકામ ક્ષેત્રના અગ્રણીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં આભારવિધિ ડાયરેકટર મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન શ્રી મહેન્દ્રભાઇ પટેલે કરી હતી.

## સ્વચ્છ ભારત મિશન દ્વારા જિલ્લા કક્ષાએ નિગરાની સમિતિના ક્ષમતા નિર્માણ માટેની કાર્યશિબિર યોજાઈ

**સુરત,** પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય ભારત સરકાર પ્રેરિત સ્વચ્છ ભારત મિશન (ગ્રા) અને આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખના અધ્યક્ષસ્થાને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ ઉપલબ્ધ થાય તે માટે સુરત જિલ્લા નિગરાની સમિતિના ક્ષમતા નિર્માણ માટેની કાર્યશિબિર યોજાઈ હતી. જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાયેલી આ કાર્યશિબિરમાં ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચક્રિયામુક્ત દરજ્જાની સતત અને સઘન જાળવણી, તેની ઉપર સતત દેખરેખ અને મજબુતીકરણ માટેના લોકજાગૃત્તિ કેળવાય તે અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. સમાજમાં શૌચાલય પ્રત્યેની માનસિકતામાં બદલાવ લાવી શૌચાલયની ઉપયોગિતા સમજાવીને સ્વચ્છતાની જાળવણી દ્વારા ગામડાઓને નિરોગી કરી શકાય છે એવો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યશિબિરમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પારેખે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ગામમાં કાયમી સ્વચ્છતા જાળવવા ગ્રામજનોનો સહયોગ મળવો જરૂરી છે, સ્વચ્છતાની બાબતમાં શિસ્ત અને આદત કેળવાય તે માટે લોકોને પ્રોત્સાહન આપવું ખુબ જરૂરી છે. સ્વચ્છતાની ખાતરી ત્યારે જ મળે જયારે સ્વચ્છતા માનવ સ્વભાવમાં વણાય જાય.

## બિન લાયકાત ધરાવતા ડોકટરો દ્વારા એમ.ટી.પી.ની કામગીરી કરવી દંડકીય અપરાધ

**ભુજ,** બિનઅધિકૃત ગર્ભપાતના કારણે થતા માતામૃત્યુનદર ઘટાડવા કુલ માતા મૃત્યુદરમાં અંદાજીત ૨૦ ટકા જેટલા કેશો ગર્ભપાત અથવા ગર્ભપાતના કારણે થતા કોમ્પીયલીકેશનના કારણે થાય છે. એમ.ટી.પી. એકટ પ્રમાણે ગર્ભપાતની કામગીરી ફકત એમ.ટી.પી. માન્યીતા પ્રાપ્તક હોસ્પીટટલ અને સંસ્થાઅઓમાં ફકત નિષ્ણાંાત ડોકટરો ધ્વાપરા જ થઈ શકે છે. જીલ્લાા કક્ષાની કમિટી ધ્વારરા આ હેતુ માટે શૈક્ષણિક લાયકાતની તપાસ અને સફળતાપૂર્વક એમ.ટી.પી.ની તાલીમ લીધા પછી જ જે તે સંસ્થામાં ઉપલબ્ધન અને માન્યર સુવિધા અનુસાર તે ડોકટર કે સંસ્થા ને જ નિયમ મુજબ માન્યજતા આપવામાં આવે છે. ઘણા કિસ્સાઅઓમાં બિન લાયકાત ધરાવતા ડોકટરો જેમ કે હોમિયોપેથીક, આયુર્વેદિક કે ડીગ્રી વગરના ડોકટરો ધ્વામરા એમ.ટી.પી.ની કામગીરી કરવામાં આવે છે જે એક દંડનીય અપરાધ છે. અમુક કિસ્સાડમાં એમ.ટી.પી.ને કારણે મરણ પણ થાય છે. જેથી માન્યએ પ્રાપ્ત એમ.ટી.પી. સેન્ટાર સિવાય એમ.ટી.પી. કરાવવું એ પણ ગુનો બને છે. અમુક કિસ્સાઓમાં કેમિસ્ટઅ તરફથી માન્યી પ્રિસ્ક્રી પ્શ્ન વગર એમ.ટી.પી.ની દવાઓ આપવામાં આવે છે જયારે અમુક ડોકટરો પણ માન્ય તા ન હોવા છતાં એમ.ટી.પી. કીટનો સ્ટો ક રાખે છે જે યોગ્યઆ નથી. ડોકટર ના પ્રિસ્ક્રીણપ્શ નમાં ડોકટરનું નામ અને સરનામું મેડીકલ કાઉન્સિનલ રજીસ્ટ્રે શન નંબરની પણ કોઈ પણ જાતની નોંધ હોતી નથી જે ગંભીર બાબત છે તેની પુરતી કાળજી લેવી. અમુક પ્રાઈવેટ ડોકટરો ટીબીના નોટીફીકેશનની કામગીરી પણ કરતા નથી જેથી ટીબી પેશન્ટમના નામ અને મોબાઈલ નંબરની વિગતો ઉપલબ્ધશ હોતી નથી જેથી જીલ્લાી ક્ષય અધિકારીશ્રીને ટીબીના પેશન્ટોનની વિગત નાયબ કમિશ્ન રશ્રી ફૂડ અને ડ્રગ વિભાગને પૂરી માહિતી પહોચાડી સકતા નથી જેથી તેમની સાથે સંકલન કરી સત્વશરે મોકલવા વિનંતી છે. એમ.ટી.પી. કેન્દ્રણની માન્યસતા આપવાના દરેક કિસ્સાસમાં તે હોસ્પીટલ ને માન્યલતા આપવાની કામગીરી સી.ડી.એમ.ઓ. તેમજ સી.ડી.એચ.ઓ. ની કક્ષાએ સંયુકત રુપે નિયમો અનુસાર કરી શકાશે. માન્યપતા વગરના કેન્દ્રો પર એમ.ટી.પી. કે એમ.ટી.પી. કીટનું વિતરણ થતું હશે તો તેમના વિરુધ્ધર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ફૂડ અને ડ્રગ નિયામકશ્રી કચેરી, સિવિલ સર્જનની કચેરી, મુખ્ય જીલ્લાય આરોગ્ય અધિકારીશ્રીની કચેરી તરફથી આકસ્મિાક ચેકિંગના સંજોગોમાં કોઈ પણ જાતની ક્ષતિ જોવામાં મળશે તો પ્રવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. આમ આધુનિક ભારતમાં માતા મરણની આ ચિંતાજનક ગંભીર બાબતની જાણ, સમજ અને તેના દુષ્પુરિણામ વિશે સમજણ કેળવી જનજાગૃતિ અભિયાન ચલાવી સમાજના તમામ વર્ગ સુધી પહોંચાડવા અને આ બિનઅધિકૃત કાર્ય અટકાવી સમાજની શ્રેષ્ઠા સેવા કરવા આપ સૌને આહવાન કરવામાં આવે છે તેવું મુખ્યસ જિલ્લા આરોગ્યપ અધિકારી, જિલ્લાલ પંચાયત, કચ્છિ-ભુજ દ્વારા જણાવાયું છે.

## શ્રમદાન સાથે ઘરઆંગણે રોજગારી મેળવી જળસંચયના કાર્યમાં ઉત્સાહભેર સહભાગી બનતાં સિસોદરાના ગ્રામજનો

**રાજપીપલા,** રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં રાજ્ય સ્થાપના દિનથી સુજલામ-સુફલામ જળસંચય અભિયાનરૂપી જળ યજ્ઞ નર્મદા જિલ્લામાં પણ આરંભાયો છે. જેમાં વિવિધ સામાજિક સંસ્થાઓની સાથે ધર્મ સંસ્થાઓ અને ઉદ્યોગ ગૃહો પણ જોડાઇને સમાજ પ્રત્યેનું તેમનું ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યાં છે, ત્યારે નર્મદા જિલ્લાના લોકો પણ સરકારના જળસંચયના આ કાર્યમાં જોડાઇને શ્રમદાનની સાથે રોજગારી મેળવી જળસંચયના કાર્યમાં સહભાગી બની રહ્યાં છે. નર્મદા જિલ્લામાં પણ ગુજરાત સ્થાપના દિનથી જળસંચય અભિયાનનો પ્રારંભ થયો છે. નાંદોદ તાલુકાનાં સીસોદરા ગામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગા કાર્યક્રમ અંતર્ગત ગઇકાલથી જ ગામ તળાવ ઉંડુ કરવાનો પ્રારંભ કરાયો છે, જેમાં આશરે ૫૩ જેટલા શ્રમિકો તેમના શ્રમદાનની સાથોસાથ રોજગારી પણ મેળવી રહ્યાં છે. અંદાજે ૩૭૫૦ ઘનમીટર વિસ્તારમાં થનારા આ તળાવ ખોદકામ થકી ૨૫૦૦ માનવદિન રોજગારી ઉત્પન્ન થશે અને તે દ્વારા આશરે રૂા.૪ લાખ જેટલી માનવદિન રોજગારી પણ પૂરી પડાશે.

રાજ્ય સરકાર દ્વારા સુજલામ-સુફલામ યોજના અંતર્ગત હાથ ધરાયેલા જળસંચયના વિવિધ પ્રકારના કામોને લીધે સીસોદરા ગામના ગ્રામજનોનું જંગલની-ડુંગરાળ ૯૦૦ એકર જમીનમાં વોટર હાર્વેસ્ટીંગનું સપનું વર્ષો બાદ સાકાર થવાની આશા બંધાતા ગ્રામજનોમાં પણ ખુશીની લહેર પ્રસરી છે. ગામના ઉપસરપંચશ્રી નિલેશભાઇ પટેલ જણાવે છે કે, અંદાજે ૫૦૦ ઘરની વસ્તી ધરાવતાં આ ગામમાં સરકારે સુજલામ-સુફલામ યોજના હેઠળ જળસંચયનો હાથ ધરેલો કાર્યક્રમ ખૂબ જ પ્રસંશનીય અને આવકારદાયક છે. સરકારે અહીંયા જ ગામમાં રોજગારી આપવાને લીધે રોજગારી માટે લોકોને હવે બહાર જવું પડતું નથી. આ ગામમાં બીજા પણ બે તળાવ છે, તે પણ ઉંડા કરવા માટે હાથ ઉપર લેવા તેમજ ગામમાં ૯૦૦ મીટર જેટલી જંગલ-ડુંગરાળ વિસ્તારમાં યોગ્ય પ્લાનીંગ કરીને વોટર હાર્વેસ્ટીંગ કરવા અને હીલ સ્ટેશન વચ્ચે પણ પાણી રોકીને આ જળ પાતાળમાં અને તેનું સંચય થાય તેવું સીસોદરા ગામનું વર્ષો જુનું સપનું સાકાર કરવા નરેગાના ઉપસ્થિત એફ.પી.ઓ. શ્રી મોહમંદસોયેબ શેખને કરાયેલી રજૂઆત સંદર્ભે તુરત જ આ અંગેનો ઠરાવ કરી દરખાસ્ત રજૂ કર્યેથી સરકારશ્રીના ધારાધોરણ અને જોગવાઇ મુજબ સત્વરે વોટર હાર્વેસ્ટીંગ કામગીરીનું આયોજન હાથ ધરાશે તેમ તેમણે જણાવ્યું હતું.

સીસોદરા ગામે તળાવ ઉંડુ કરવાના કામે શ્રમદાન દ્વારા રોજગાર મેળવી રહેલાં દિવ્યાંગ અકતરખાન દાઉદખાન સોલંકી જણાવે છે કે, પોતે હેન્ડીકેપ વિકલાંગ હોવા છતાં સરકારની તળાવ ઉંડુ કરવાની કામગીરીને લીધે મારા જેવા વિકલાંગને પણ ઘરઆંગણે રોજગારી મળી રહી છે. હું છેલ્લા દસેક વર્ષથી નરેગામાં રોજગારી મેળવીને પરિવાર માટે બોજારૂપ ન બનતાં સહાયરૂપ બની રહ્યોં છું.

તળાવ ઉંડુ કરવાના કામમાં શ્રમદાન સાથે રોજગારી મેળવનાર અન્ય લાભાર્થી ઝાકીર હુસૈન તાહીરખાન સોલંકી કહે છે કે, તળાવ ઉંડુ કરવાના કે અન્ય કોઇપણ પ્રકારના કામને લીધે અહીં સ્થાનિક કક્ષાએ અમે ગામ લોકો રોજગારી મેળવી રહ્યાં છે અને તેનાથી મારા ઘરનું ગુજરાન ચલાવવામાં હું મદદરૂપ બની રહ્યોં છું. આમ, આ યોજના અમારા માટે તો આશિર્વાદરૂપ બની છે. સીસોદરા ગામે શ્રમદાન થકી રોજગારી મેળવી રહેલા શ્રી ઝાકીરહુસેન નાસીરખાન સોલંકી જણાવે છે કે, સરકારશ્રીની તળાવ ઉંડા કરવાની આ કામગીરીને લીધે અમોને ઘરઆંગણે જ રોજગારી મળતી હોવાથી રોજગારી માટે હવે બહાર જવું પડતું નથી. અમારા ઘરનું ગુજરાન ચલાવીએ છીએ અને બાળકોને શિક્ષણ પણ આપીએ છીએ એટલે આ યોજના માટે અમે સરકારના આભારી છીએ.

## ડીએસપી ગ્રૂપે ડીએસપી બ્લોકરોક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડમાં બ્લેકરોકનો હિસ્સો ખરીદશે

**મુંબઈ,** ધ ડીએસપી ગ્રૂપે આજે જાહેરાત કરી હતી કે તેઓ ડીએસપી બ્લેકરોક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડમાં બ્લેકરોકનો ૪૦ ટકા હિસ્સો ખરીદશે. કંપનીએ ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ અને ડીએસપી બ્લેકરોક મ્યુચ્યુઅલ ફંડને નવું નામ ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ આપવાની દરખાસ્ત રજૂ કરી છે, જે નિયમનકારી મંજૂરીઓને આધિન છે.

ડીએસપી ગ્રૂપ અને બ્લેકરોક વચ્ચેનું સંયુક્ત સાહસ ડીએસપી બ્લેકરોક એ ભારતમાં પ્રીમિયર એસેટ મેનજેમેન્ટ કંપનીઓમાંની એક છે. ડીએસપી ગ્રૂપ ૧૫૨ વર્ષની કામગીરીનો રેકોર્ડ ધરાવે છે અને અત્યારે સંયુક્ત સાહસમાં ૬૦ ટકા હિસ્સાની માલિકી ધરાવે છે. સંયુક્ત સાહસમાં અત્યારે ૪૦ ટકા માલિકી ધરાવતી બ્લેકરોક ઈન્ક. દુનિયામાં સૌથી મોટી લિસ્ટેડ એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક છે. સંયુક્ત સાહસનાં ભાગીદારોએ એવી સમજૂતી કરી છે, જેમાં ડીએસપી ગ્રૂપ એકમાત્ર માલિક બનવા બ્લેકરોકનો સંપૂર્ણ ૪૦ ટકા હિસ્સો ખરીદશે.

આ વ્યવહાર માટે ડીએસપી ગ્રૂપનાં એક્સક્લૂઝિવ ફાઈનાન્શિયલ એડવાઈઝર આર્પવૂડ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ અને કાયદેસર સલાહકાર ટીટીએન્ડએ હતાં

શ્રી હેમેન્દ્ર કોઠારીનાં નેતૃત્વમાં ડીએસપી ગ્રૂપ ભારતમાં સૌથી જૂની અને અતિ પ્રતિષ્ઠિત નાણાકીય સેવા પ્રદાન કરતી કંપનીઓમાંની એક છે. મેરિલ લિન્ચ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ સાથે ગોઠવણમાં ડીએસપી ગ્રૂપનાં સંયુક્ત સાહસે ભારતમાં વર્ષ ૧૯૯૬માં તેનાં રિટેલ એસેટ મેનેજમેન્ટ બિઝનેસ ડીએસપી મેરિલ લિન્ચ એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) લિમિટેડની સ્થાપના કરી હતી. આ વ્યવસાય વર્ષ ૨૦૦૮માં ડીએસપી બ્લેકરોક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ (બ્લેકરોક ઈન્કે વર્ષ ૨૦૦૬માં મેરિલ લિન્ચનાં ગ્લોબલ એસેટ મેનેજમેન્ટ બિઝનેસને હસ્તગત કર્યા પછી) બની હતી, જે આજે ભારતની પ્રીમિયમ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક છે. (૨૨-૧)

## હાસ્યથી લોટપોટ કરતી ગુજરાતી ફિલ્મ 'છુટી જશે છક્કા' ૨૫મી મેના રોજ રિલિઝ થશે



**અમદાવાદ,** આપણા દેશમાં લોકો અલગ-અલગ પ્રકારનો સટ્ટો રમે, પરંતુ સૌથી મોટો સટ્ટો કયો? મોટાભાગના લોકો ક્રિકેટ જ જવાબ આપશે. આઈપીએલની સિઝનમાં તદ્દન નવા અને કોમેડી કોન્સેપ્ટ સાથે ડિરેક્ટર દુર્ગેશ તન્ના અને પ્રોડ્યુસર નિશાંત ઠાકેર કોમેડી ગુજરાતી ફિલ્મ 'છુટી જશે છક્કા' લઈને આવી રહ્યાં છે. ૨૫મી મેના ગુજરાતભરના સિનેમાઘરોમાં રિલિઝ થવા માટે સજ્જ કોમેડી ફિલ્મ 'છુટી જશે છક્કા'ની વાર્તા ક્રિકેટ મેચના સટ્ટાની આસપાસ વણાયેલી છે. હંમેશા પોતાની મસ્તીમાં મસ્ત રહેનારા યુવાનો ઝડપથી નાણા કમાવવાની લ્હાયમાં ક્રિકેટના સટ્ટામાં સપડાય છે અને પરિણામે હાસ્યથી લોટપોટ થઈ જવાય તેવી કોમોડી સર્જાય છે. એક સમસ્યાનો હલ કરતા બીજી સમસ્યાને નોતરે છે તેને ફિલ્મમાં સુંદર રીતે આવરી લેવાયું છે. મિત્રોના જોકે, હાસ્યથી લોટપોટ કરતી ફિલ્મના અંતે શું થાય છે તે જોવા માટે પૂરી ફિલ્મ જોવી રહી. થોડાં સમય પહેલાં ફિલ્મનું ટ્રેલર રિલિઝ કરાયું હતું અને મોટી સંખ્યામાં દર્શકોએ તેની પ્રશંસા કરીને ફિલ્મ રિલિઝ થવાની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

ફિલ્મ અંગે વાત કરતાં ડિરેક્ટર દુર્ગેશ તન્નાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ દ્વારા અમે ખુબજ હળવા અંદાજ અને કોમેડી દ્વારા અર્થસભર સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે તથા દર્શકો નિરાશ ન થાય અને થિયેટર હોલમાં તેઓ હાસ્યથી લોટપોટ થઈ જાય તે બાબતને લક્ષ્યમાં રાખીને અમે ફિલ્મ બનાવી છે. 'છુટી જશે છક્કા' ફિલ્મ ક્રિકેટના સટ્ટા ઉપર આધારિત છે અને તેમાં વિષયવસ્તુની સાથે-સાથે તમામ પાત્રોને સમાન ન્યાય અપાયો છે અને તેમની પ્રતિભા દર્શાવવા પૂરતી તક આપવામાં આવી છે.'' (૨૦-૪)

## યસ બેન્કમાં એડિશનલ ઈન્ડીપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે રેન્ટલા ચંદ્રશેખરની નિમણૂંક



**અમદાવાદ,** ભારતમાં ખાનગીક્ષેત્રની ચોથા નંબરની સૌથી મોટી બેન્ક એવી યસ બેન્ક દ્વારા એડિશનલ (નોન એક્ઝિક્યુટિવ) ડાયરેક્ટર તરીકે શ્રી રેન્ટલા ચંદ્રશેખરની નિમણૂંક કરવામાં આવીછે. આ નિમણૂંક કંપનીની આગામી વાર્ષિક સાધારણ સભામાં શેરધારકોની મંજૂરીને આધીન છે.

શ્રી આર ચંદ્રશેખર નાસ્કોમના તત્કાલીન પૂર્વ અધ્યક્ષ છે. શ્રી આર ચંદ્રશેખરના નાસ્કોમનાં નેતૃત્વ હેઠળ નાસકોમ દેશમાં આઈટી-બીપીએમ ઉદ્યોગની ટોચની સંસ્થા તરીકે કાઠું કાઢી શકી છે. ભારત સરકારનાં સભ્ય તરીકે પણ તેઓ સેવા આપી ચુક્યા છે.

શ્રી આર ચંદ્રશેખર ભારત સરકારનાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી વિભાગનાં સચિવ અને ટેલિકોમ કમિશન ઓફ ઈન્ડિયાનાં ચેરમેન તરીકે સેવાઓ આપી ચુક્યા છે. તેઓ ૧૯૭૫ની બેચના આઈએએસ છે અને સરકારી સેવાઓમાં વર્ષ ૨૦૧૩માં નિવૃત્ત થયા છે.

યસ બેન્કનાં એમડી અને સીઈઓ શ્રી રાણા કપુરે આ પ્રસંગે જણાવ્યું હતું કે, શ્રી આર ચંદ્રશેખર આઈટી અને ટેલિકોમ સેક્ટરનો બહોળો અનુભવ ધરાવે છે. યસ બેન્કનાં બોર્ડ ઓફ ડાયરેક્ટરર્સમાં અમે તેમનું સ્વાગત કરીએ છીએ અને તેમના માર્ગદર્શન માટે ઉત્સુક છીએ.(૨૨-૧)

## ગોંડલ તાલુકામાં મોટા તળાવ નાના તળાવ ઉંડા કરવા સહિતના કુલ ૧૫ કામો જળસંચય અભિયાન હેઠળ પ્રગતિમાં

ગોંડલ તાલુકાનું વેકરી ગામ સવારથી ગામના ખેડુતો પોત-પોતાના ટ્રેકટર લઇ નિકળી પડે પણ ખેતરમાં નહી પણ નાની સંચાઇ યોજનાની ડેમ સાઇટ પર તેમના ઉત્સાહ અને ઉંમગ જોઇ લાગે કે ગામમાં જાણે કોઇ મોટા પ્રસંગની ઉજવણી થઇ રહી હોય. પરંતું આશ્ચર્ય સૌ કોઇ ડેમ સાઇટ પર શિસ્તબધ્ધ રીતે પોતાનો વારો આવે તેની રાહ જોઇ રહયા છે. તેઓ સૌ કોઇ ને રાહ છે ગામમાં ચાલી રહેલા સુજલામ સુફલામ જળ સંચય અભિયાનની કાંપ કાઢવાની કામગીરીની અને આ કાઢેલો કાંપ(કાચું સોનું) પોતાના ખેતરે પહોંચાડવાની.

વેકરી ગામની સીમમાં આવેલ નાની સિંચાઇ યોજનાના ડેમ સાઇટ પર જેસી.બી. વડે કાંપ કાઢવાની કામગીરી ગોંડલ માર્કેટીંગ યાર્ડના સહયોગથી પુરજોશમાં ચાલી રહી છે.


જાહેર નોટીસ

ICICI Home Finance

**રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોમીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

| ક્રમ નં. | કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ | જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કત | નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ (રૂા.) | એનપીએ તારીખ |
|---|---|---|---|---|
| ૧. | લજ્જા શાહ/ મિતીકા ગામી- NHBHO00000818409, એ- ૭૦૨ ભદ્રાલોક, ૭મો માળ જુના પાદરા રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦. | ફ્લેટ નં. ૪૦૪, ૪થો માળ, સી વિન્ગ, એવરગ્લેડર્સ, મહાવીર યુનિવર્સલ કોમ્પલેક્ષ, ગામ પસથાળ, બોઈસર- ૪૦૧૫૦૪. | ૬ એપ્રિલ, ૨૦૧૮ રૂા. ૯,૭૩,૮૭૫.૦૦/- | ૯/૧/ ૨૦૧૮ |

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે ) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ ૧૩ (૨) હેઠળ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ના ૧૩ (૨)ની જોગવાઈ મુજબ ૬૦ દિવસની મુદ્દત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી. વતી

તારીખ : ૧૦- મે - ૨૦૧૮
સ્થળ : ગુજરાત

## ગૌશાળા-પાંજરાપોળને મદદની જરૂર

ઉત્તર ગુજરાતમાં ગૌશાળા દ્વારા પશુઓનો નિભાવ મુશ્કેલ બનતા ૫૭૦૦ જેટલા ઢોર રસ્તે રઝળતા મૂકી દેવાતા અનેક પ્રશ્નો સર્જાયા અને આજે સ્થિતિ એ છે કે જે તે કલેકટરે આવું ફરીવાર ના બને એ માટે ૧૪૪મી કલમ લાગુ કરી છે. ગુજરાતમાં કદાચ આવો હુકમ કરવો પડયો હોય એવી આ પહેલી ઘટના છે. સરકારે આ મુદે કેટલાક નિવેદન કર્યા છે અને કેટલીક મદદ કરી છે પણ એ અપૂરતી છે. એક લાખ કિલો ઘાસ મોકલ્યું પણ ઉત્તર ગુજરાતમાં ૫૫,૦૦૦ ઢોર ગૌશાળામાં છે અને એટલો જથ્થો માત્ર બે દિવસ ચાલે. સરકારે સમજવું જોઈએ કે ગુજરાતમાં ગૌશાળા અને પાંજરાપોળ જે કામ કરે છે.

## વિજયા બેંકે ૨૦૧૭-૨૦૧૮ વાર્ષિક નાણાકીય પરિણામો જાહિર કર્યા

અમદાવાદ, ૦૯.૦૫.૨૦૧૮, સાર્વજનિક ક્ષેત્ર ની અગ્રણી વિજયા બેંકે તા. ૦૭.૦૫.૨૦૧૮ ના રોજ વાર્ષિક નાણાકીય પરિણામો જાહેર કર્યા. ક્ષેત્રિય પ્રબંધક શ્રી ઈન્દર મોહન સિંઘે આ અંગે જાણકારી આપતા જણાવ્યુ કે બેંક ના કુલ વ્યવસાય માં ૨૦.૦૭% (વર્ષ-પ્રતિ-વર્ષ) નો વધારો થયો. કુલ ધિરાણ ૨૨.૫૭% (વર્ષ-પ્રતિ-વર્ષ) વધી ને રૂ. ૧૧૮૬૭૭ કરોડ થયું, જ્યારે કુલ થાપણો ૧૮.૨૫% વધી ને રૂ. ૧૫૭૨૮૮ કરોડ થયી. ૨૦૧૭-૨૦૧૮ ની ત્રીજા ત્રૈમાસિક પરિણામો બેંક નો શુદ્ધ લાભ રૂ. ૮૦ કરોડ હતો જે માર્ચ ૨૦૧૮ ત્રૈમાસિક માં વધી ને રૂ. ૨૦૭ કરોડ થયો છે. શ્રી સિંઘે જણાવ્યુ કે બેંકની આ મોટી ઉપલબ્ધિ છે. શ્રી સિંઘે વધુ માં જણાવ્યુ કે બેંક ની ઓપરેટીગ નફા માં રેકોર્ડ રૂ. ૩૦૯૮ કરોડ ની વૃદ્ધિ થયી. ગ્રોસ એનપીએ ૬.૫૯% થી ઘટી ને ૬.૩૪% પર આવ્યું છે, જ્યારે નેટ એનપીએ ૪.૩૬% થી ઘટી ને ૪.૩૨% પર આવ્યું છે. બેંકે છૂટક ધિરાણ માં આવાસ ઋણ માં ૩૦.૫૦% (વર્ષ-પ્રતિ-વર્ષ) પ્રગતિ કરી છે. શ્રી સિંઘે બતાવ્યુ કે બેંક ની આ પ્રગતિ સાથે સાથે અમદાવાદ ક્ષેત્ર ના કારોબાર માં પણ વૃદ્ધિ થયી છે. અમદાવાદ ક્ષેત્ર નું રિટેલ ધિરાણ ૨૭.૩૫% વધ્યું છે જ્યારે કુલ ધિરાણ ૧૫.૪૬% વધ્યું છે. તેમણે જણાવ્યું કે અમદાવાદ ક્ષેત્ર નું કાસા કુલ ડિપોજિટ ના ૩૮.૬૩% થયું છે. જ્યારે એનપીએ લેવલ ઘટ્યું છે. અમદાવાદ ક્ષેત્ર ની આ ઉપલબ્ધિ માટે તેમણે તમામ કર્મચારીગણ ને શ્રેય આપ્યું છે.

## ઓમકાર કપૂર 'દિલ હી તો હૈ' સાથે તેમની ટેલિવિઝનની શરૂઆત કરે છે!



બૉલીવુડ સ્ટાર ઓમકાર કપૂર, માસૂમ (૧૯૯૬) થી પ્યાર કા પંચનામામાં અભિનય માટે જાણીતા છે, તે એકતાની બૅનર હેઠળ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના દિલ હી તો હૈ- 'અ લવ સાગા' થી પોતાની ટેલિવિઝન પર શરૂઆત કરવા તૈયાર છે. કપૂર શોમાં રિત્વિક નૂનનું મુખ્ય પાત્ર ભજવશે.

ટેલિવિઝનની આગામી હાર્ટ રોબ, ઓમકાર કપૂરે "માસૂમ" સાથેની કારકીર્દિની શરૂઆત કરી હતી, જ્યાં તેમણે બાળ કલાકાર તરીકે પુષ્કળ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી અને તે સમયના સૌથી પ્રિય અને પ્રેમાળ બાળ કલાકારમાં સ્થાન પામ્યું હતું.

પાછળથી તેમણે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં કેટલાક મોટા નામો સાથે કામ કરવાની તકનો આનંદ માણ્યો. ઓમકાર કહે છે, "સોની અને એકતા મૅમ દ્વારા ટેલિવિઝન ઉદ્યોગનો ભાગ બનવાની તક મેળવીને મને ધન્ય લાગે છે અને પ્રેક્ષકોને કેટલાક સારા કાર્યો દર્શાવવા માટે મને પ્રોત્સાહન આપે છે".

દિલ હી તો હૈ સાથે તેમની પ્રથમ પદાર્પણ બનાવવા અંગે વધુ વાત કરતા, તેઓ કહે છે, "હા, હું એકતા કપૂરના શો દિલ હી તો હૈ સાથે મારૂ ટીવી પદાર્પણ કરી રહ્યો છું, જે એક સૌથી મોટી લવ સાગા હશે. હું શોમાં રિત્વિક નૂનની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છું, જે મહત્વાકાંક્ષી છે અને જાગૃત વ્યક્તિ છે જ્યારે બીજી બાજુ કામ કરવા માટે આવે છે તે એક મોહક છે, જે દરેક છોકરીઓનો સ્વપ્ન છે અને તેના સૌથી ખરાબ નાઈટમેર છે. (૧૯-૮)

## સોની દ્વારા 4K HDR X9000F સિરીઝના ટેલિવિઝન સેટ્સની રજૂઆત



**નવી દિલ્હી,** સોનીએ અદ્દભૂત ક્લેરિટી, કોન્ટ્રાસ્ટ અને કલર રજૂ કરતી નવા 4K HDR ટેલિવિઝનની રજૂઆત કરી છે. સોનીની માલિકીના ઈનોવેશન્સ દ્વારા તૈયાર કરાયેલી X9000F સિરીઝ રિફાઈન્ડ 4K HDR પિક્ચર ક્વોલિટી માણવાનો નવો વિકલ્પ બની રહેશે.

સોની દ્વારા લાર્જ સ્ક્રીન પ્રિમિયમ 4K HDR ટેલિવિઝનની વ્યાપક વેરાયટી માટે ગ્રાહકોની વધતી જતી માંગને કારણે તેની LED સ્ક્રીન ટીવી લાઈન-અપનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ નવી X9000F સિરીઝ X1 Extreme પ્રોસેસરથી સજ્જ છે અને નોંધપાત્ર હાઈલાઈટ, ડીપર ડાર્કસ અને વાયબ્રન્ટ રંગો દ્વારા અનોખો અનુભવ પૂરો પાડે છે.

4K HDR Processro X1™ Extreme દ્વારા જીવંત પિક્ચર ક્વોલિટી મેળવો

સોનીની 4K HDR Processro X1™ Extreme અદ્દભૂત ટેક્સચર, ઊંડાણ, કલર અને કોન્ટ્રાસ્ટ ધરાવતા જીવંત ચિત્રો રજૂ કરવા માટે ખૂબ જ પ્રસિધ્ધિ પ્રાપ્ત કરી ચૂકી છે અને HDR ના ક્ષેત્રમાં તેણે નોંધપાત્ર હરણફાળ ભરી છે. તે ઓબ્જેક્ટ આધારિત HDR રેમસ્ટર, સુપર બીટ મેપીંગ 4K HDR અને ડ્યુઅલ ડેટાબેઝ પ્રોસેસીંગ દ્વારા જોવાનો ઉત્તમ અનુભવ પૂરો પાડે છે. ટીવી જોવાની પ્રક્રિયા હવે X1 Extreme ચીપના કારણે વાસ્તવિકતાની ખૂબ જ નિકટ રહેશે.

TRILUMINOS™ ડીસ્પ્લે લાલ, લીલો અને વાદળી કલરના રિપ્રોડ્યુસીગની ઉત્તમ કામગીરી ધરાવે છે, આ રંગો સામાન્ય રીતે ટીવીના ડીસ્પ્લેને ચોકસાઈપૂર્ણ રીતે રજૂ કરવામાં ખૂબ મુશ્કેલી ધરાવે છે. તે ઉત્તમ રંગોના વેરિયેશનનું પુનઃ નિર્માણ કરીને શ્રેષ્ઠ ચિત્રો પૂરાં પાડે છે. (૧૯-૧)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

## બેંક ઓફ બરોડાએ તેનાં ધિરાણ દરો જાળવી રાખ્યાં

ભારતમાં મોટી સરકારી બેંકોની એક બેંક ઓફ બરોડાએ તેનાં બેન્ચમાર્ક ધિરાણ દરો એટલે કે તમામ મુદ્દત માટે માર્જિન કોસ્ટ ઓફ ફંડ બેઝ લેન્ડિંગ રેટ (એમસીએલઆર)ની સમીક્ષા કરી છે. એમસીએલઆરની સમીક્ષા વર્તમાન સ્તરે થઈ છે. અત્યારે બેંકનાં ૧ વર્ષનાં એમસીએલઆર ૮.૪૦ ટકા છે, જે બજારની હાલની સ્થિતિ મુજબ સ્પર્ધાત્મક છે. અન્ય તમામ મુદ્દત માટે એટલે કે ઓવરનાઈટ, એક મહિનો, ત્રણ મહિના અને ૬ મહિના માટે ધિરાણ દર અનુક્રમે ૭.૯૦ ટકા, ૭.૯૫ ટકા, ૮.૦૫ ટકા અને ૮.૨૫ ટકા છે.

બેંક ઓફ બરોડાએ જણાવ્યું હતું કે, બેંકે તેનાં શ્રેષ્ઠ રેટિંગ ધરાવતા હોમ લોન ઋણધારકો માટે એમસીએલઆર પર કોઈ વધારો કર્યો નથી. બેંક ઓફ બરોડા ગ્રાહકકેન્દ્રિત અને ઉદ્યોગમાં સૌથી વધુ સ્પર્ધાત્મક બેંક છે. બેંક પોતાનાં શ્રેષ્ઠ રેટિંગ ધરાવતા ગ્રાહકોને એક વર્ષનાં એમસીએલઆર પર હોમ લોન ઓફર કરે છે. કુલ હોમ લોનની રકમને ધ્યાનમાં લીધા વિના ૧ વર્ષનાં એમસીએલઆર એટલે કે ૮.૪૦ ટકા છે અને ૩૦ વર્ષ સુધીની મુદ્દત માટે ઉપલબ્ધ છે. (૧)

## ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપતા સર્જનોને સન્માનિત કરવા એક્મા વેલ્યુ ચેઈન સમિટનું આયોજન



**ગાંધીનગર,** ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (એક્મા) ભારતીય ઓટો કમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરતી મુખ્ય સંસ્થા છે, જેના દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાત સ્થિત ઓઈએમએસ માટે પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ પ્રદર્શિત કરવા માટે 'એક્મા વેલ્યુ ચેઈન સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટ, રાજ્યમાં ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપવાના હેતુથી ૧૮ અને ૧૯ મે, ૨૦૧૮ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે અને તેનું ઉદઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરાશે.

હાલના વર્ષોમાં ગુજરાત રાજ્ય અગ્રણી ઓટોમોટિવ મેન્યુફેક્ચરર્સ માટે મહત્ત્વપૂર્ણ રોકાણ સ્થળ બની રહ્યું છે. ગુજરાત સરકારનો હેતુ ઓટોમોટિવ પ્રોડક્શનમાં હાલના ૩.૭ ટકાના યોગદાનમાં વધારો કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં સમગ્રપણે એન્જિનિયરીંગ આઉટપુટ ૧૦ ટકા સુધી વધારવાનો છે. પ્રતિ વર્ષ ૧૦ લાખ વાહનોની સ્થાપિત ક્ષમતા હરિયણા અને તામિલનાડુ જેવા ટોચના કાર ઉત્પાદક રાજ્યો કરતા આગામી ૩-૪ વર્ષમાં આગળ નીકળી જશે એવી અપેક્ષા છે.

ગુજરાત ખાતે દેશમાંથી સફળતાપૂર્વક અગ્રણી વ્હીકલ મેન્યુફેક્ચરર્સમાંથી રોકાણ સફળતાપૂર્વક આકર્ષવામાં આવ્યું છે તેમાં સુઝુકી મોટર કોર્પોરેશન, ફોર્ડ મોટર્સ, ટાટા મોટર્સ, એમજી મોટર્સ, હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર્સ અને હીરો મોટરકોર્પ સામેલ હોવા છતાં રાજ્યમાં ઓટો કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ બેઝની હજુ પણ રાહ જોવાઈ રહી છે. 'એક્મા વેલ્યુ ચેઈન સમિટ' દ્વારા એક એવું ફોરમ રચવાનો પ્રસ્તાવ છે કે જેનાથી રાજ્યમાં ઓટો કમ્પોનન્ટ રોકાણો શક્ય બની શકે. (૧૯-૮)



### ઉમીયા ટયુબ્સ લિમિટેડ

**(CIN :L28112GJ2013PLCO74916)**

રજીસ્ટર્ડ ઓફીસ : ૨૦૮, ૨જો માળ, સુમન ટાવર, સેક્ટર નં.૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજરાત)

ફોન નં.૦૭૯ - ૨૩૨૪૨૦૫૨ ઈ-મેલ આઈડી:info@umiyatubes.com

Website: www.umiyatubes.com

**પોસ્ટલ બેલેટ કમ ઈ-વોટીંગની નોટિસ**

કંપનીના સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૧૦ તથા ધી કંપનીઝ ( સંચાલન અને વહિવટના) નિયમોના નિયમ ૨૨ અને લાગતા વળગતા સેબી સરક્યૂલર અને સેબી નિયમનો હેઠળ કંપની એ તેના સભ્યોની સાધારણ અને વિશેષ ઠરાવ હેઠળ મંજુરી મેળવવા માટે તા. ૯મી મે ૨૦૧૮ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા પોસ્ટલ બેલેટનું ફોર્મ તથા એડ્રેસ લખેલ અને ટપાલ ટીકીટ ચોટાડેલ પરબીડીયું પોસ્ટલ બેલેટની નોટીસ સાથે મોકલાવેલ છે. સેબી લિસ્ટીંગ નિયમોના નિયમ ૪૪ અને લાગતા વળગતા સેબી સરક્યૂલર અને સેબી નિયમો હેઠળ કંપનીએ ઈવોટીંગની સુવિધા આપવાનું પણ નક્કી કરેલ છે આ માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વીસ લીમીટેડ (સીડીએસએલ) ને ઈ-વોટીંગની સુવિધા આપવા માટેની એજન્સી તરીકે નીમણુંક કરી છે. પોસ્ટલ બેલેટ અને ઈવોટીંગની સુવિધાના સુચનો પોસ્ટલ બેલેટની નોટીસ સાથે મોકલાવેલ છે. પોસ્ટલ બેલેટની નોટીસ કંપનીના તેમજ સીડીએસએલ વેબસાઈટ (https://www.evotingindia.com) પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડાયરેકટર્સ મે. મનોજ હુરકટ એન્ડ એસોસીયેટ્સના સી.એસ, મનોજ હુરકટની જે કંપની સેક્રેટરી તરીકે અમદાવાદમાં પ્રેક્ટીસ કરી રહ્યા છે. તેમની સભ્યો તરફથી બેલેટ પેપરો અને /અથવા ઈ -વોટીગ ફોર્મ પૂર્ણ મેળવવા અને સ્ક્રૂટીનાઈઝ કરવા માટે અને પોસ્ટલ બેલેટ અને ઈ વોટિંગ યોગ્ય અને સરળ રીતે કરવા માટે સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણુંક કરી છે.

પોસ્ટલ બેલેટ અને ઈ-વોટીંગ દ્વારા મતદાનની શરૂઆત તા. ૧૦મી મે ૨૦૧૮ (ગુરૂવાર)ના રોજ સવારે ૯.૦૦ વાગે શરૂ થશે અને તા. ૮મી જુન ૨૦૧૮ (શુક્રવાર) ના રોજ સાંજે ૫.૦૦ વાગે પૂર્ણ થશે. સભ્યોને ૮મી જુન ૨૦૧૮ શુક્રવાર (છેલ્લી તારીખ) ના રોજ સાંજે ૫.૦૦ વાગે કે તે પહેલા સંપૂર્ણ રીતે ભરાયેલા પોસ્ટલ બેલેટ ફોર્મ સ્ક્રુટીનાઈઝરને મોકલવાની અને સીડીએસએલ ના ઈ- વોટીંગ પોર્ટલ પર તેમનું ઈ- વોટીંગ પૂર્ણ કરવા વિનંતી કરવામાં આવે છે. જણાવેલ તારીખ પછી કોઈપણ સભ્યો તરફથી મળેલ પોસ્ટલ બેલેટ ફોર્મ માન્ય ગણાશે નહી અને જણાવેલ તારીખ પછી ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા અપાયેલ મતદાન માન્ય ગણાશે નહી. જે સભ્યો ને પોસ્ટલ બેલેટ ફોર્મ મળ્યું ન હોય તે કંપની સમક્ષ ડુપ્લીકેટ ફોર્મ માટે અરજી કરીને મેળવી શકે છે.

સભ્યો માત્ર મતદાનની એકજ પધ્ધતિનો ઉપયોગ કરી શકશે. દા.ત. ફીજીકલ બેલેટ પેપર મારફતે અથવા તો ઈ- વોટીંગ જો કદાચ સભ્યએ બન્ને પધ્ધિતએ મતદાન કર્યુ હશે તો, ઈ વોટીંગથી કરેલ મતદાન યોગ્ય ગણાશે અને ફીઝીકલ પોસ્ટલ બેલેટથી કરેલું મતદાન અમાન્ય ગણાશે.

પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન સહીત ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાન સાથે સંકળાયેલ ફરિયાદોની સુચના માટે જવાબદાર વ્યક્તિની સંપર્ક વિગતો નીચે મુજબ છે.

શ્રી રીતેન્દ્રસિંહ રાઠોડ, કંપની સેક્રેટરી, ફોન : ૦૭૯-૨૩૨૪૨૦૫૨, ઈમેલ આઈડી: investor@umiyatubes.com

બોર્ડના હુકમથી
વતી ઉમીયા ટ્યુબ્સ લિમિટેડ
સહી/-
બીના પી. વાઘેલા
ચેયરપર્સન એન્ડ ડિરેક્ટર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૯મી મે, ૨૦૧૮


## સોનગઢના ઓઝર ગામે નવા ચેકડેમ અને લાંગડ ગામે ચેકડેમ ઉંડો કરવાની કામગીરી હાથ ધરાઈ

**વ્યારા,** તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત ઓઝર ગામે નવો ચેકડેમ બનાવવાની કામગીરી તથા લાંગડ ગામે ચેકડેમ ઉંડો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તાપી જિલ્લાના સમાહર્તા એન.કે ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લામાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હેઠળ તળાવો ઉંડા કરવા, ચેકડેમ ડિસિલ્ટીગ, ચેકડેમની મરામ્મત, વન તલાવડી, નદીની સાફ સફાઇ અને નદી ઉંડી કરવાની કામગીરી, એર વાલ્વ લિકેજ રિપેરીગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

## ડુકાતીએ ભારતમાં ઓલ ન્યૂ મોન્સ્ટર ૮૨૧ લોન્ચ કરી



ડુકાતી ઈન્ડિયાએ આજે રૂ. ૯.૫૧ લાખ (એક્સ- શોરૂમ ઈન્ડિયા)ની આરંભિક કિંમતે ભારતમાં ઓલ ન્યૂ મોન્સ્ટર ૮૨૧ લોન્ચ કરી હોવાની જાહેરાત કરી છે. મોન્સ્ટર ૮૨૧ મોન્સ્ટર ૯૦૦ના વારસાને સલામી આપે છે, જેણે ૨૫ વર્ષ પૂર્વે ટ્રુ નેકેડ સ્પોર્ટની ખૂબીઓ સાથે મોટરસાઈકલની દુનિયામાં ક્રાંતિ લાવી દીધી હતી. આટલું જ નહી, તેમાં ઘણા બધા એસ્થેટિક અને ફંકશનલ ફીચર્સ છે, જે ફ્લેગશિપ મોન્સ્ટર ૧૨૦૦ પરથી પ્રેરિત છે, જે સ્ટાઈલ, આધુનિકતા અને કામગીરીનું ઉત્તમ એકીકરણ બનાવે છે.

ઓલ ન્યૂ મોન્સ્ટર ૮૨૧ વધુ સ્ટ્રીમલાઈન્ડ કરાઈ છે. તેમાં સંપૂર્ણ રિડિઝાઈન કરાયેલી ટેન્ક અને ટેઈલ સાથે સ્થિતિસ્થાપક લૂક છે. સંપૂર્ણ નવી એક્ઝોસ્ટ અને હેડલાઈટ ક્લાસિક અને પ્રતીકાત્મક છે. ઉપરાંત નવી મોન્સ્ટર ૮૨૧માં કરન્ટ ગિયર, ફ્યુઅલ ટેન્ક અને ક્લાસિક ડુકાતી યેલો પેઈન્ટ જોબના ઈન્ડિકેટર સાથે કલર ટીએફટી ડિસ્પ્લેએ પદાર્પણ કર્યું છે, જે ભૂતકાળમાં ઘણી બધી મોન્સ્ટરિસ્ટીમાં શોભતું હતું. તે ડુકાતી રેડ અને બ્લેક કલર વિકલ્પોમાં પણ મળશે.

યુરો ૪ કોમ્પ્લાયન્ટ લિક્વિડ – કૂલ્ડ ટેસ્ટાસ્ટ્રેટા ૧૧ ડિ એન્જિન અત્યંત તરફેણકારી ટોર્ક કર્વ સાથે બાંધછોડ કર્યા વિના ૯૨૫૦ આરપીએમે ૧૦૯ એચપી (૮૦ કેડબ્લ્યુ)ની મહત્તમ પાવર પ્રદાન કરે છે. ૭૭૫૦ આરપીએમે ટોર્કના તેના ૮.૮ કેજીએમ (૮૬ એનએમ)ને આભારી ૮૨૧નું એન્જિન સર્વની પહોંચમાં મોજમસ્તી અને ઉપયોગિતાની ખાતરી આપે છે. (૧૯-૧૦)

## ગૌ સેવાની સ્વૈચ્છિક સેવાપ્રવૃત્તિ અભિનંદનને પાત્ર- સંચાલકોને આ સેવાપ્રવૃત્તિ ચાલુ રાખવા મહેસૂલ મંત્રીશ્રીનો હાર્દભર્યો અનુરોધ

મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્ય સરકારે ગૌ સેવા અને ગૌ સુરક્ષા માટે સંખ્યાબંધ પગલા લીધા છે અને આ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ પણ છે.

રાજ્યમાં ગૌધનનું સંવર્ધન થાય તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ અભિગમ અપનાવીને રાજ્યમાં પશુદીઠ રોજનું ચાર કિલો ઘાસ પ્રતિ કિલો રૂ/૨ ના દરે આપવાનો નિર્ણય કર્યો છે અને પૂરતા પ્રમાણમાં ઘાસ જિલ્લા કલેકટરોને પહોચાડાઈ રહ્યું છે. એટલુ જ નહી, અબોલ પશુજીવોને પૂરતું પાણી મળી રહે તેમજ ગુણવત્તાયુકત ઘાસચારો મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જિલ્લા કલેકટરોને સૂચનાઓ આપી દેવાઈ છે.મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ગુજરાતની સેવાભાવી અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ગુજરાતની સેવા પરંપરાને અનુસરીને પોતાના ધંધા-વ્યવસાયમાંથી થોડીક આવક અથવા દાનથી ગૌ સેવાની સરાહનીય પ્રવૃત્તિ કરે છે તે અભિનંદનને પાત્ર છે અને આવી પ્રવૃત્તિઓના સેવા સંસ્કાર-મહાજન પરંપરા તેઓ ચાલુ રાખશે જ.શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાત સહિત દેશમાં અછતની જાહેરાત થાય તે પછી જ્યાં અછત જાહેર થઈ હોય ત્યાં તેના મેન્યુઅલ પ્રમાણે સરકાર ગૌશાળા પાંજરાપોળોને સહાય કરતી હોય છે.

## મુથુટ પપ્પાચન ફાઉન્ડેશન ૧૫૦૦ કરતા વધારે બાળકોના જીવનમાં ખુશી લાવ્યું



મુથુટ પપ્પાચન ફાઉન્ડેશન (એમપીએફ) એ તેના પ્રમુખ સીએસઆર કાર્યક્રમ 'સ્માઈલ પ્લીઝ' અંતર્ગત મિશન સ્માઈલના સહયોગમાં દેશભરના ૧૧ રાજયોના ૧૫૦૦ થી વધારે બાળકોની કલેફટ (ફાટેલા હોઠ અને તાળવા) સર્જરી આયોજન કર્યુ હતું. આ પહેલનો મુખ્ય ઉદેશ્ય 'કોમ્પ્રીહેનસિવ કલેફટ કેયર સર્જરી મિશન' અંતર્ગત દેશભરના જન્મજાત હોઠ અને તાળવાની વિકૃતીથી પીડિત બાળકોની મફતમાં સર્જીકલ સારવાર કરવાનો છે. આ મિશન અત્યાર સુધી વડોદરા, જયપુર, ગોવા, કોલકત્તા, ભુવનેશ્વર, વિશાખાપટનમ, વિજયવાડા, પોંડિચેરી, નાગરકોઈલ, કોટટયમ, ગુલબર્ગા વગેરે જેવા શહેરો સુધી પહોંચી ૧૫૦૦ કરતા વધારે બાળકોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે.

મુથુટ પપ્પાચન ફાઉન્ડેશન (એમપીએફ) લોકોના જીવનની ગુવણત્તામાં સકારાત્મક પરિવર્તન લાવી શકે તેવા કાર્યક્રમો સાથે ભાગીદારી કરવામાં માને છે. દર્દીઓની તમામ સંકલિત કાળજી પૂરી પાડવાના હેતુ પર કેન્દ્રીત મિશને અત્યાર સુધી વંચિત ગ્રામિણ પ્રદેશોમાં કુપોષિત બાળકોના પોષણ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. કાર્યક્રમને સફળ બનાવવાની પ્રતિબદ્ધતા સાથે મુથુટ પપ્પાચન ફાઉન્ડેશન (એમપીએફ) આ મિશન દરમ્યાન કુપોષિત કલેફટ દર્દીઓની ઓળખ કરી કલેફટના પોષણની જરૂરીયાત પૂરી કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. એમપીએફ પ્રાથમિક ખાધય પદાર્થો નાંણાકીયરીતે પોસાય તે માટે પ્રયત્નશીલ છે અને તે માસિક ધોરણે અનાજ, કઠોળ, ઘી, સૂકામેવાઓ, ગોળ અને મીઠા વગેરે સાથેની કિટનું વિતરણ કરે છે. (૧૩-૫)



### ઈશાન ડાઈઝ એન્ડ કેમિકલ લીમીટેડ

CIN: L24110GJ1993PLC020737

રજીસ્ટર્ડ ઓફિસ: ૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫, ગુજરાત, ભારત ફોન નં.: ૦૭૯-૨૫૮૩૨૧૪૪/૨૫૮૯૩૬૦૭ / ફેક્સ: ૦૭૯-૨૫૮૩૩૬૪૩

વેબસાઈટ: www.ishandyes.com / ઈ-મેઈલ: ishandyes@yahoo.com

**નોટીસ**

રેગ્યુલેશન ૨૦૧૫ સેબી (લીસ્ટીગ ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) ના રેગ્યુલેશન ૪૭ સાથે રેગ્યુલેશન ૨૯ વાંચતા તે મુજબ આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટર્સોની મીટીંગ **મંગળવાર ૨૯મી મે, ૨૦૧૮ના** રોજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે ૩૧મી માર્ચ, ૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષના ત્રીમાસિકના ઓડીટેડ ફાઈનાન્સીયલ પરિણામોની મંજુરી માટે મળનાર છે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.ishandyes.com પર અને જ્યાં કંપનીની શેર લીસ્ટેડ છે તે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ઈશાન ડાઈઝ એન્ડ કેમીકલ્સ લીમીટેડ વતી
એસડી/-
પીયુષ એન. પટેલ
ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર

તારીખ : ૯મી મે, ૨૦૧૮
સ્થળ : અમદાવાદ




### જાહેર નોટીસ

ICICI Home Finance

**રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોમીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

| ક્રમ નં. | કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ | જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કત | નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ (રૂા.) | એનપીએ તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ભાવેશ વિનોદરાય પાટડીયા/મિનાક્ષીભાવેશભાઈ પાટડીયા- NHJGH00000830512 - ગોપીકુંજ જલારામ સોસાયટી, લોધિયાવાડી, જુનાગઢ, ગુજરાત- ૩૬૨૦૦૧. | સી.એસ. બ્લોક નં. ૧૬, સી.એસ. નં. ૪૧૨, ગણેશ ફલીયા નગર, ગામતલ વિસ્તાર, સાણંદ નં. ૯૪ ૭૨, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧. | ૬ એપ્રિલ, ૨૦૧૮ રૂા. ૧૮,૧૭,૪૬૦.૦૦/- | ૦૫-ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨. | ફિરોઝ અહમદ શેખ/મુમતાજબેગમ ફિરોઝ અહમદ શેખ- NHRJL00000835275 - પુત્ર શેખ ફુલહસન જાફરાબાદ રોડ, કૃષ્ણાપાર્ક સોસાયટી, હિન્દોરણા ચૌકડી, અમરેલી, ગુજરાત- ૩૬૫૫૬૦. | પ્લોટ નં. ૨૮ અને ૨૯, શિવ ટેનામેન્ટ, ગોકુલ નગર૧, સી.એસ. નં. ૩૧૦૫/૨૯ અને ૩૧૦૫/૩૦ શીટ નં. ૯૯, આર.એસ. નં. ૨૨૮, રાજુલા, ગુજરાત - ૩૬૪૫૬૦. | ૬ એપ્રિલ, ૨૦૧૮ રૂા. ૧૭,૧૭,૦૭૧.૦૦/- | ૦૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ |
| ૩. | પ્રકાશ ડી વર્મા/ઈલાબેન પ્રકાશ વર્મા- NHHAL00000848629 -25 C એસઆરપીએફ જીઆર ૧૦, રૂપનગર,વાલિયા, ભરૂચ, ગુજરાત- ૩૯૩૧૧૧. | પ્લોટ નં.૪, રૂદ્રાક્ષ રેસીડેન્સી, આર.એસ. નં. ૪૨ પૈકી ૧ અને ૨, ગામ નલધારી, સબ-ડિસ્ટી. વાલિયા, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૦૧. | ૬ એપ્રિલ, ૨૦૧૮ રૂા. ૧૨,૨૧,૬૧૪.૫૧/- | ૦૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ |
| ૪. | પ્રશાંત વિશ્વેશ્વર મરાઠા/ પ્રતિભા પી મરાઠા- NHJAM00000791290 - કુળદેવી કૃપા, માસ્ટર સોસાયટી, સારૂ સેક્શન રોડ, સર્વે સેક્શન રોડ, જામનગર, ગુજરાત- ૩૬૧૦૦૧. | ફ્લેટ નં.૪૦૩, શ્રી હરી ટાવર, પ્લોટ નં.૭, આર.એસ. નં.૧૩૦/પી, ન્યુ સર્વે નં. ૩૯૯ પૈકી, શીટ નં. ૨૬૪, આરમ કોલોની, રાજ્યાગોર બોર્ડીંગ એરોડ્રોમ રોડ, જામનગર, ગુજરાત- ૩૬૧૦૦૫. | ૬ એપ્રિલ, ૨૦૧૮ રૂા. ૭,૮૭,૭૮૬.૦૦/- | ૦૮-ફેબ્રુઆરી, ૨૦૧૮ |

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે ) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ ૧૩ (૨) હેઠળ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ના ૧૩ (૨)ની જોગવાઈ મુજબ ૬૦ દિવસની મુદ્દત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી. વતી

તારીખ : ૧૦- મે -૨૦૧૮
સ્થળ : ગુજરાત




### GALLOPS ENTERPRISE LIMITED

CIN - L65910GJ1994PLC023470

**Regd. Office:** 9th Floor, Astron Tech Park, Near Satellite Police Station, Satellite, Ahmedabad - 380015

T - +917926861459/60 : : **Website:** www.gallopsenterprise.com : : **Email :** investors.gallops@gmail.com

**EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2018**

(Figures in Rs.)

| Particulars | Quarter Ended on | | | Year Ended on | |
|---|---|---|---|---|---|
| | 31.03.2018 (Audited) | 31.12.2017 (Unaudited) | 31.03.2017 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) |
| 1. Total Income from Operations (Net) | 85,823 | 2,584 | - | 91,390 | 6,376 |
| 2. Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#) | (14,04,510) | (1,15,195) | 4,81,406 | (19,21,072) | 2,62,340 |
| 3. Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#) | (14,04,510) | (1,15,195) | 4,81,406 | (19,21,072) | 2,62,340 |
| 4. Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | (14,04,510) | (1,15,195) | 4,81,406 | (19,21,072) | 2,62,340 |
| 5. Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (14,04,510) | (1,15,195) | 4,81,406 | (19,21,072) | 2,62,340 |
| 6. Equity Share Capital | 5,01,14,000 | 5,01,14,000 | 5,01,14,000 | 5,01,14,000 | 5,01,14,000 |
| 7. Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | (4,46,52,400) | (4,27,31,328) |
| 8. Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - | | | | | |
| 1. Basic: | (0.28) | (0.02) | 0.10 | (0.38) | (0.05) |
| 2. Diluted: | (0.28) | (0.02) | 0.10 | (0.38) | (0.05) |

**Note:**
1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange www.bseindia.com and on the company's website www.gallopsenterprise.com.
2. The Financial results were reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at its meeting held on 8th May, 2018.
3. The information relating to Exceptional and /or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules applicable to the company. For Gallops Enterprise Limited.

Place: Ahmedabad
Date: 8th May, 2018

Narshinbhai Patel
Managing Director
DIN No. : 00373146